# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-09-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં SEMICON ઈન્ડિયામાં મુખ્ય અધિકારીઓની બેઠકમાં ભાગ લેશે.**
2) **ભારતના કૃષિ-ખાદ્ય નિકાસને વેગ આપવા માટે ભારતી નામની એક નવી પહેલ શરૂ**
3) **GST કાઉન્સિલની 56મી બેઠક આજથી નવી દિલ્હીમાં શરૂ થશે.**
4) **માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે આબોહવા પરિવર્તન અને તાપમાનમાં વધારો ભવિષ્યની પેઢીઓ માટે ગંભીર ખતરો .**
5) **ભારતે ,ભયંકર ભૂકંપ પછી અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય મોકલી**
6) **ભારતીય ગ્રાન્ડમાસ્ટર પ્રણવ વેંકટેશે સંયુક્ત આરબ અમીરાતમાં ફુજૈરાહ ગ્લોબલ સુપરસ્ટાર્સ ચેસ ટુર્નામેન્ટ જીતી.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM CEOs ROUNDTABLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં SEMICON India-2025 ખાતે મુખ્ય અધિકારીઓની બેઠકમાં ભાગ લેશે. આ બેઠકમાં, ઉદ્યોગ જગતના નેતાઓ ભારતમાં સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ અને તેના વિકાસ પર ચર્ચા કરશે. પ્રધાનમંત્રી મોદી આ બેઠક દરમિયાન વિશ્વભરના CEOs સાથે વાતચીત કરશે.

પ્રધાનમંત્રીએ ગઈકાલે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે SEMICON India-2025 સંમેલનનું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય સંમેલનનો ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટરમાં વિશ્વસનીય ભાગીદાર તરીકે સ્થાપિત કરવાનો છે.

પ્રધાનમંત્રીએ સંમેલનનું ઉદ્ઘાટન કરતી વખતે વૈશ્વિક સેમિકન્ડક્ટર બજારમાં ભારતની મુખ્ય ભૂમિકા બનવાની સંભાવનાનો ઉલ્લેખ કર્યો. તેમણે યુવા ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સને ભારતની સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓ અને નવીનતા ક્ષમતાનો લાભ લેવા વિનંતી કરી.

## BYTE - PM-SELF-RELIANT

---

# GOYAL-BHARATI

કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ -APEDA એ ભારતના કૃષિ-ખાદ્ય નિકાસને વેગ આપવા માટે ભારતી નામની એક નવી પહેલ શરૂ કરી છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આ સંદર્ભમાં નવી દિલ્હીમાં કેન્દ્રીય ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને સંયુક્ત આરબ અમીરાતના વિદેશ વેપાર મંત્રી ડૉ. થાની બિન અહેમદ અલ ઝેયૌદી સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી.

ભારતી 2030 સુધીમાં 100 કૃષિ-ખાદ્ય સ્ટાર્ટઅપ્સને ટેકો આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને નિકાસને 50 અબજ અમેરિકન ડોલર સુધી લઈ જવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવી છે.

ભારતીનો અર્થ ભારતમાં કૃષિ ટેકનોલોજી, યોગ્યતા અને વિકાસ કેન્દ્ર છે જે સંબંધિત સાહસોને નિકાસ કરવા સક્ષમ બનાવશે. આત્મનિર્ભર ભારત અને સ્ટાર્ટઅપ ઇન્ડિયા દ્વારા સરકારનો ઉદ્દેશ નિકાસને વેગ આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક કૃષિ-ખાદ્ય વેપારમાં ભારતની સ્થિતિ મજબૂત કરવાનો છે.

---

# GST COUNCIL MEETING

GST કાઉન્સિલની 56મી બેઠક આજથી નવી દિલ્હીમાં શરૂ થશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ બે દિવસીય બેઠકની અધ્યક્ષતા કરશે.

કાઉન્સિલ ભારતના આગામી પેઢીના GST સુધારાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે, અગાઉ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વર્ષે સ્વતંત્રતા દિવસના સ્વમબોધન દરમિયાન, વસ્તુ અને સેવ કરથી દેશને કેવી રીતે ફાયદો થયો છે તે જણાવ્યું હતું.

શ્રી મોદીએ GST હેઠળ આગામી પેઢીના સુધારાઓના મહત્વ પર ભાર મૂક્યો હતો, જે સામાન્ય માણસ, ખેડૂતો, મધ્યમ વર્ગ અને MSME ને રાહત લાવશે.

આગામી પેઢીના GST સુધારાઓ દિવાળી પર રજૂ કરવામાં આવશે, જેમાં આવશ્યક ચીજવસ્તુઓ પર કર ઘટાડશે અને સ્થાનિક વિક્રેતાઓ અને ગ્રાહકોને રાહત મળશે.

## BYTE - PM--DIWALI-GST-NEXT-REFORM

---

# GADKARI SUMMIT

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે આબોહવા પરિવર્તન અને તાપમાનમાં વધારો ભવિષ્યની પેઢીઓ માટે ગંભીર ખતરો છે.તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2070 સુધીમાં ભારતને કાર્બન સંતુલિત બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.

નવી દિલ્હીમાં 20મા વૈશ્વિક પરિષદને સંબોધતા શ્રી ગડકરીએ કહ્યું કે કાર્બન ઉત્સર્જન અને કાર્બન શોષણ વચ્ચે સંતુલન જરૂરી છે. કોઈપણ દેશ કે સમાજ માટે પર્યાવરણ, ઇકોસિસ્ટમ, જીવનશૈલી અને અર્થતંત્ર વચ્ચે અનુકૂળ સંતુલન જાળવવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

---

# BHUTAN-PM--VISIT

ભૂતાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ ટોબગે આજથી ભારતની સત્તાવાર મુલાકાતે આવશે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમની ચાર દિવસની મુલાકાત દરમિયાન, તેઓ નવી દિલ્હી પહોંચતા પહેલા ગયા અને અયોધ્યામાં કાર્યક્રમોમાં હાજરી આપશે.

વિદેશ મંત્રાલયે ઉમેર્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં દિલ્હીમાં  તેમની મુલાકાત દરમિયાન, તેઓ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરને મળશે.

---

# INDIA AFGHANISTAN

ભારતે ,ભયંકર ભૂકંપ પછી અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય મોકલી છે. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું હતું કે ગઈકાલે 21 ટન રાહત સામગ્રી હવાઈ માર્ગે પહોંચાડવામાં આવી હતી.

આમાં ધાબળા, તંબુ, સ્વચ્છતા કીટ, પાણી સંગ્રહ ટાંકી, જનરેટર, રસોડાના વાસણો, પોર્ટેબલ વોટર પ્યુરિફાયર, સ્લીપિંગ બેગ, આવશ્યક દવાઓ, વ્હીલચેર, હેન્ડ સેનિટાઇઝર, પાણી શુદ્ધિકરણ ગોળીઓ, ORS સોલ્યુશન અને તબીબી વસ્તુઓનો સમાવેશ થાય છે.

મંત્રીએ કહ્યું કે, ભારત પરિસ્થિતિ પર નજર રાખશે અને આગામી દિવસોમાં વધુ માનવતાવાદી સહાય મોકલશે.

---

# GERMAN-FOREIGN-MINISTER

જર્મનિના  વિદેશ મંત્રી જોહાન ડેવિડ વેડફુલ ગઈકાલે રાત્રે બેંગલુરુથી નવી દિલ્હી પહોંચ્યા હતા. તેઓ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને વિદેશ મંત્રી સુબ્રમણ્ય જયશંકરને મળશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેમની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવશે અને વ્યૂહાત્મક ભાગીદારીને વધારશે. બંને દેશો ભાગીદારીના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે.

---

# EC PAWAN-KHERA

ચૂંટણી પંચે કોંગ્રેસના નેતા પવન ખેરાને એક કરતાં વધુ મતવિસ્તારમાં મતદાર નોંધણી કરાવવા બદલ નોટિસ ફટકારી છે.

નવી દિલ્હી મતવિસ્તારના ચૂંટણી નોંધણી અધિકારીએ પવન ખેરાને આ મહિનાની 8મી તારીખે સવારે 11 વાગ્યા સુધીમાં પોતાનો જવાબ રજૂ કરવા જણાવ્યું છે. નવી દિલ્હી અને જંગપુરા વિધાનસભા મતવિસ્તારમાં મતદાર તરીકે તેમનું નામ હોવા બદલ આ નોટિસ ફટકારવામાં આવી છે.

---

# SITHARAMAN SINGAPORE PM

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણ ગઈકાલે નવી દિલ્હીમાં સિંગાપોરના પ્રધાનમંત્રી લોરેન્સ વોંગને મળ્યા હતા. ચર્ચાઓ ખાસ વેપાર અને રોકાણ, ફિનટેક, કૌશલ્ય વિકાસ, , આરોગ્યસંભાળ અને સંપર્ક જેવા મુખ્ય ક્ષેત્રોમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવા પર કેન્દ્રિત હતી. બેઠક દરમિયાન, બંને પક્ષો આ ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવા સંમત થયા.

ભારત-સિંગાપોર રાજદ્વારી સંબંધોની 60મી વર્ષગાંઠ સાથે સિંગાપોરના પ્રધાનમંત્રીની મુલાકાત, ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે બંને દેશોની સતત પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

---

# SPORTS-CHESS

ભારતીય ગ્રાન્ડમાસ્ટર પ્રણવ વેંકટેશે સંયુક્ત આરબ અમીરાતમાં ફુજૈરાહ ગ્લોબલ સુપરસ્ટાર્સ ચેસ ટુર્નામેન્ટ જીતી.

પ્રણવ વેંકટેશે સ્પેનિશ ગ્રાન્ડમાસ્ટર એલન પિચોટને હરાવીને ટુર્નામેન્ટ જીતી લીધી છે. પ્રણવે સંભવિત નવમાંથી સાત પોઇન્ટ મેળવ્યા અને તેના નજીકના હરીફો કરતાં એક પોઇન્ટ આગળ રહ્યા હતા .

---

# MHA NEPAL AND-BHUTAN

નેપાળ અને ભૂતાનથી જમીન કે હવાઇ માર્ગે ભારત આવતા નાગરિકોને હવે પાસપોર્ટ કે વિઝાની જરૂર રહેશે નહીં. ગૃહ મંત્રાલયે ઇમિગ્રેશન અને ફોરેનર્સ એક્ઝેમ્પશન ઓર્ડર, 2025 ને સૂચિત કર્યું છે. આ અંતર્ગત, ખાસ શ્રેણીઓને માન્ય પાસપોર્ટ, મુસાફરી દસ્તાવેજ અને વિઝાની આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવામાં આવી છે.

અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોના વ્યક્તિઓ, જેમને ધાર્મિક અત્યાચાર અથવા તેના ભયને કારણે ભારતમાં આશ્રય લેવાની ફરજ પડી હતી અને જેઓ 31 ડિસેમ્બર 2024 ના રોજ અથવા તે પહેલાં કોઈપણ માન્ય દસ્તાવેજ વિના ભારત આવ્યા હતા અથવા જેમના પાસપોર્ટ કે

અન્ય મુસાફરી દસ્તાવેજની મુદત પૂરી થઈ ગઈ છે, તેમને માન્ય પાસપોર્ટ અને વિઝાની આવશ્યકતામાંથી મુક્તિ આપવામાં આવશે.

આ લઘુમતી સમુદાયોમાં હિન્દુઓ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓનો સમાવેશ થાય છે.

---

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજથી જ શરૂ થતી જીએસટી કાઉન્સિલની બેઠક, મરાઠા આંદોલન અને ઉત્તર ભારતમાં ભારે વરસાદ સહિતના સમાચારોને વિવિધ અખબારો એ મુખ્ય શીર્ષક મા લીધા છે
- સંદેશ નું મુખ્ય શીર્ષક છે ભારતમાં લક્ઝરી EV પરની જીએસટીમાં જંગી વધારાની વિચારણા આજથી બેઠક
- નવ ગુજરાત સમય લખે છે જીએસટી કાઉન્સિલની આજથી બેઠક રેટ ઘટી શકે દિવ્યભાસ્કર લખે છે -૪૦ લાખ સુધીની EV પર જીએસટી દર ઘટીને પાંચ ટકા થાય એવી સંભાવના
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે અંતે મુંબઈને હાશ.... મરાઠા આંદોલન સામે મહારાષ્ટ્ર સરકાર ઝૂકી
- કુલછાબનું શીર્ષક છે વિવેકાધીન ન્યાય હવે કૃત્રિમ મેધા આધીન! સંદેશ લખે છે - ઉત્તર ભારતમાં અવિરત આસમાની આફત ગુજરાત સમાચાર લખે છે - પંજાબમાં 37 વર્ષ બાદ વિનાશક પુરથી 30ના મોત બે લાખથી વધુ લોકોને અસર
- આ ઉપરાંત ભારતનું પ્રથમ સ્વદેશી 32 બીટ માઈક્રો પ્રોસેસર વિક્રમ 3201 લોન્ચ કરાયું, વીજ ગ્રાહક માટે યુનિટ દીઠ 15 પૈસાનો ઘટાડો,સુદાન અને અફઘાનિસ્તાનમાં પુરપ્રકોપ સહિતના સમાચારો પહેલા પાને જોવા મળી રહ્યા છે
- સ્થાનિક સમાચારોમાં દિવ્યભાસ્કરે - ઘરેલુ સિલેન્ડર માંથી ગેસ ચોરીને રેસ્ટોરન્ટને વેચવાનું કૌભાંડ પકડાયું આ સમાચાર છેલ્લા પાને લીધા છે